BAOU Education for All

॥ चैतन्य ॥
CHAITANYA
ISSN : 2582 2802
A Refereed and Peer - Reviewed International e-Journal of Humanities and Social Sciences
by School of Humanities and Social Sciences
Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad



# દિલ્હીની ગાદીનો છેલ્લો હિન્દુ શાસક – પૃથ્વીરાજ  ચૌહાણ

ડૉ. સોનલ ચૌધરી (આસિસ્ટન્ટ પ્રોફેસર)

ડૉ. પ્રફુલ નવાકર (આસિસ્ટન્ટ પ્રોફેસર)

**Abstract**:

પૃથ્વીરાજ ત્રીજો જેને ઇતિહાસમાં 'રાયપિથોરા' તરીકે ઓળખવામાં આવે છે, તે ભારતીય ઇતિહાસમાં  અદ્વિતીય  સ્થાન ધરાવે છે. ભારતીય ઇતિહાસમાં અદ્વિતીય અને મહત્વપૂર્ણ સ્થાન માટે તેણે પ્રેમ તથા યુદ્ધમાં  કરેલ પરાક્રમો કે જે  ઉત્તર ભારતમાં વીરકથા તથા વીરલોક સાહિત્યમાં અજોડ સ્થાન ધરાવે છે, ક્ષમાવીર ક્ષત્રિય રાજા તરીકે અને તેણે કરેલ ભૂલોના કારણે દિલ્લી અને ક્રમબદ્ધ ભારત જે પરાધીન થતું ગયું તથા વિદેશ સત્તાના મંડાણ માટે જ તેટલો જવાબદાર ગણીને તેને યાદ કરવામાં આવે છે. આ સમયની જે ભારતની સ્થિતિ હતી, એ પણ ભારતમાં સલ્તનતનાં મંડાણ માટે જવાબદાર છે. ચંદ્રબરદાઈ નામના તેના દરબારી કવિએ તેના પ્રસિદ્ધ મહાકાવ્ય "પૃથ્વીરાજ રાસો" તેને અમર બનાવી દીધો છે, તો આ સાથે જયાનકનું "પૃથ્વીરાજ વિજય", જૈન ગ્રંથ, મુસ્લિમ ગ્રંથકારોના ગ્રંથમાં તથા શીલાલેખોમાં પણ તેના વિશે ઉલ્લેખો કરવામાં આવેલ છે.

**Keywords**: શબ્દવેધી બાણ, રાયપીથોરા, રિયાસત

## ભારતની સ્થિતિ અને તુર્કી આક્રમણ (મહમદ ઘોરીના વિશેષ સંદર્ભમાં)

ભારત ઉપર તુર્કોના આક્રમણની શરૂઆત સબુક્તેગીના આક્રમણથી થઇ. ત્યારબાદ મહમદ ગઝનવીએ ઈ.સ.1000 થી 1026ના ગાળા દરમ્યાન ભારત ઉપર 17 જેટલી ચડાઈ કર્યાની માહિતી પ્રાપ્ત થાય છે. મહંમદ ગઝનવીનું ભારત પરનું આક્રમણનું મૂળ ધ્યેય ભારતની અગાઢ સંપત્તિની લૂંટ-ફાટનું હતું. તે ભારતમાં લૂંટફાટ  કરી પોતાના વતનમાં ધનદોલત ખેંચી જવા માટે ભારત પર અવારનવાર હુમલા કરતો અને લૂંટફાટ કરી ભારત છોડી જતો રહેતો. આ સમયે માત્ર પંજાબ પર

તેણે પોતાની સત્તાનું આધિપત્ય સ્થાપેલ હતું. મહંમદ ગઝનવીના અવસાન પછી લગભગ દોઢસો વર્ષ સુધી તેણે જીતેલા પ્રદેશ સિવાયના ભારત ઉપર કોઈ પરદેશી આક્રમણ થયું નહિ અને તુર્કોએ તેમનું રાજ્ય પંજાબથી આગળ વધારવાનો કોઈ પ્રયત્ન પણ ન કર્યો. પંજાબ પરના આધિપત્યથી ભારત ઉપર હુમલા કરનાર મુસલમાનો માટેનો રાહ ચોક્કસપણે ખુલ્લો થયો.

મહમદ ગઝનવી પછી શિહાબુદ્દીન મોહમ્મદ ઘોરી એ એક મહત્વકાંક્ષી અને આક્રમક શાસક થયો, જેણે ભારત પર ચડાઈઓ કરી. મહમદ ગઝનવીના ભારત પરના આક્રમણના ધ્યેય કરતા મહંમદ ઘોરીનું ભારત પરના આક્રમણનું ધ્યેય કઈ અલગ જ હતું. હરીશંકર વર્મા પોતાના "દિલ્લી સલ્તનત" પુસ્તકમાં જણાવે છે કે મોહમ્મદ ઘોરીના ભારત ઉપર આક્રમણના કારણો...

1. પોતાના સામ્રાજ્યનો વિસ્તાર કરવો.
2. પંજાબ પરની ગઝનવીઓની સત્તાને નાબૂદ કરી પોતાનું આધિપત્ય જમાવવું.
3. ભારતની ધન પ્રાપ્તિની લાલસા.
4. ભારતમાં મુસ્લિમ રાજ્યની સ્થાપના અને ઇસ્લામ ધર્મનો ભારતમાં પ્રચાર કરવો.
5. પોતાના આક્રમણની ધાકથી પોતના રાજ્ય (ગઝનવી)ને સુરક્ષિત રાખવું.

કેટલાક ઈતિહાસકારો તેને કટ્ટર મુસલમાન કહી ભારતની મૂર્તિ-પૂજાનો નાશ કરવાની મહેચ્છા પણ કારણ તરીકે જણાવે છે.

મહંમદ ઘોરીના ભારત પરના આક્રમણ કરવાના આ ઉદ્દેશ્યોની સાથે આ સમયે ઉત્તર ભારતની સાથે સમગ્ર ભારતની રાજકીય પરિસ્થિતિ ઘણી નિરાશાજનક અને અવ્યવસ્થિત હતી, તેને કેમ નકારી શકાય. ઉત્તર ભારતમાં બે મુસલમાન રિયાસતો અને અનેક સ્વતંત્ર રાજ્યો હતા. સિંધમાં અરબ વિજેતાઓના વંશજોની અને પંજાબ ઉપર સુલતાન મહમૂદ ગઝનવીના વંશજ ખુસરો મલેકની સત્તા હતી. આખો દેશ સ્વતંત્ર રાજ્યોમાં વહેચાયેલો હતો. જેમ કે ઉત્તરમાં સૌલંકીઓ (ચૌલુક્ય), ચૌહાણો, તોમરો, પરમારો, કચ્છપધાતો, ચંદેલો, પ્રતિહારો, પાલો, કલચૂરીયો વગેરેનાં નાના-મોટા રાજ્યો હતા અને દક્ષિણમાં ચાલુક્યો, રાષ્ટ્રકૂટો, ચોલો અને ચેરોની શક્તિશાળી સત્તાઓ હતી.

આ રાજ્યો સતત અંદરોઅંદર ઝઘડા કરતા રહેતા અને એકબીજા ઉપર આધિપત્ય જમાવવા પ્રયત્નશીલ રહેતા. તેમનામાં ઐક્ય અને સંગઠનનો અભાવ હતો. આમ, આ સમયનું રાજકીય વાતાવરણ ઘણું અસ્થિર અને વિદેશી આક્રમણકારો માટે અનુકૂળતા કરી આપે એવું હતું. આ સાથે સામંતશાહી ઢંગની રાજપૂત શાસન-પ્રણાલી,અનેક જાતિઓ- ઉપજાતિઓમાં વહેચાયેલ ભારતીય સમાજ, સતીપ્રથા જેવી અનેક કુરીતિઓથી અનઆદર પાત્ર સ્ત્રીઓની સ્થિતિ, ન્યાયના ક્ષેત્રે બ્રાહ્મણનો પક્ષપાત, શુદ્ર અને વૈશ્યો પ્રતિ દયનીય અને અવગણનાયુક્ત વર્તન આ બધાનાં કારણે ભારત

આર્થિક સમૃદ્ધ તો હતો પણ સામાજિક રીતે તે તેનું અધ:પતન થઈ રહ્યું હતું. "દેશનું ભાવી તેના વર્ગ ખંડમાં ઘડાય છે." ઉક્તિ સાથે હું નહિ અલબેરુનીએ ટાંકેલ પ્રસંગ મૂકીએ તો એ સમયના અધઃ પતન સમજવા માટે અનુકૂળ રહેશે. અલબેરુનીએ લખ્યું છે, "સામાજિક કુ-રીતિઓએ અંદરથી સમાજને ખોખલો કરી દીધો છે. શિક્ષણ-સંસ્થાઓમાં ભ્રષ્ટાચાર ફેલાઈ રહ્યો છે. મદ્યપાન જોરોથી વધી રહ્યું છે. વિક્રમશિલા વિદ્યાલયના એક વિદ્યાર્થી પાસેથી શરાબની બોટલ મળી તો એને પૂછ્યું તો વિદ્યાર્થીએ ભિક્ષુની પાસેથી શરાબ મેળવ્યું એવું જણાવ્યું."

દિલ્હીનો શાસક પૃથ્વીરાજ ચૌહાણ :

ચૌહાણ કે ચાહમાન કે ચહુમાન વંશના અનેક રાજપૂત સરદારો ગુજરાત અને રાજસ્થાનના વિવિધ ભાગોમાં ઈ.સ. સાતમી અને આઠમી સદીમાં રાજ્ય કરતાં હતાં. જેમાંથી એક મહત્વની શાખા ઈ.સ. આઠમી સદીના પ્રારંભમાં અજમેરની ઉત્તરે આવેલ સાંભર સરોવર નજીક શાંકભરી નામના સ્થળે રાજ્ય કરતી હતી. તેઓ શાંકભરી દેવીને પોતાની કૂળદેવી માનતા હતા. તેઓનું પ્રસિદ્ધ મંદિર અજમેર નજીક સાંભરમાં છે, પરંતુ શાંકભરી દેવીનું એક મંદિર શિવાલિક ઘાટમાં પણ છે જે પ્રાચીન મંદિર છે. ચૌહાણોની ઉત્પતિ અને તેઓના મૂળ સ્થાનને લઈને અનેક વિદ્વાનોમાં મંત મતાંતરો છે.
શાંકભરીના ચાહમન વંશનો સ્થાપક વાસુદેવ હતો. જેમાં અર્ણોરાજ, વિગ્રહરાજ ચતુર્થ, પૃથ્વીરાજ તૃતીય વગેરે મહત્વના શાસક તરીકે આજેય ઈતિહાસ પાનાંઓમાં જીવિત છે. અર્ણોરાજ જેને અણહિલના ચૌલ્યુક રાજા સિદ્ધરાજ જયસિંહ અને કુમારપાળ સાથે સંઘર્ષો પણ થયા અને સંધી થયા બાદ લગ્ન સંબંધો પણ બંધાયા. અર્ણોરાજની બહાદુરીથી પ્રભાવિત થઈ સિદ્ધરાજે પોતાની પુત્રી કાંચનદેવીના લગ્ન અર્ણોરાજ સાથે કરેલા. અર્ણોરાજને સિદ્ધરાજ જયસિંહની રાજકુમારીથી થયેલ પુત્ર સોમેશ્વર પોતાનું બાળપણ અને યૌવન અવસ્થાનો કેટલોક સમય ચૌલક્ય રાજસભામાં ગાળેલો. આ ઉપરાંત કુમારપાળે પણ તેની લડાઈઓમાં સહાયતા કરેલી. સોમેશ્વરના લગ્ન કલચૂરીની રાજકુંવરી કપૂરાદેવી સાથે થયેલું. જેનાથી તેને પૃથ્વીરાજ અને હરિરાજ નામે બે પુત્રો થયા હતા. સોમેશ્વરના મૃત્યુ પછી તેનો 11 વર્ષનો પુત્ર પૃથ્વીરાજ ત્રીજો ગાદી પર આવ્યો અને બાલ્યાવસ્થા હોવાથી કપૂરાદેવીએ રાજમાતા તરીકે રાજ્ય કર્યું.

પૃથ્વીરાજ ઈ.સ.1178માં શાસન પોતાના હસ્તક લીધું. આ જ સમયમાં તરત જ તેને પોતાના પિતારાઈ નાગાર્જુનના બળવાનો સામનો કરવો પડ્યો. જે તેણે દબાવી દીધો. હરીશચંદ્ર શર્મા તારા સંપાદિત "મધ્યકાલીન ભારત ભાગ-1 (ઈ.સ.750 – 1540) માં વર્ણવ્યા પ્રમાણે "પૃથ્વીરાજ અસાધારણ કોટિનો વીર યોદ્ધા અને સામ્રાજ્યવાદી હતો. એને ચર્તુર્દીક વિજયની નીતિ અપનાવી.

એણે 1182માં રેવાડી, ભિવાની, અલવરાનો સરદારોને હરાવી પોતાના કબ્જામાં લીધા, બુંદેલખંડના ચંદેલ શાસક પરમદીર્દેવ અને એના પ્રસિદ્ધ સેનાનાયક આલ્હા-ઉદ્દલને રાત્રિ અભિયાનમાં હરાવ્યા, ઉપરાંત ગુજરાતના ભીમ દ્વિતીય વિરુદ્ધ આક્રમણ કર્યું."

કનોજના ગાહડવાલ રાજા જયચંદ્ર સાથે તેને અણબનાવ હતો. એ બંને વચ્ચે વેર-ભાવના કારણો માટે ડૉ. છોટુભાઈ રણછોડજી નાયક "મધ્યયુગીન ભારત ખંડ-1" નોંધે છે કે "તે બંને વચ્ચેના વેર થવાના બે સંજોગો ઉપસ્થિત થયા હતા. એમ કહેવાય છે કે પૃથ્વીરાજ અને જયચંદ્ર તોમાર રાજાની દીકરીઓના દીકરા હતા અને તે રાજા અપુત્ર હતો. તેથી વારસ તરીકે તેણે પૃથ્વીરાજને દત્તક લીધો. જયચંદ્રને આ બાબત વિષે ઈર્ષા હતી. પૃથ્વીરાજવિજય આ વાતનો ઈન્કાર કરે છે. તેના કથન મુજબ પૃથ્વીરાજની માતા તોમર જાતિની ન હતી. એ બે વચ્ચે વેર થવાનો બીજો પ્રસંગ ઐતિહાસિક નથી પરંતુ પ્રેમ કિસ્સા જેવો છે તે મુજબ જયચંદ્રની કુંવરી સંયોગિતા પૃથ્વીરાજને ચાહતી હતી અને તે બાબત જયચંદ્રને પસંદ ન હતી. સાથે સંયોગિતાનો સ્વયંવર પ્રસંગ અને પૃથ્વીરાજ ચૌહાણ દ્વારા સંયોગિતાનું અપહરણ" જયચંદ્ર અને પૃથ્વીરાજ વચ્ચેના સંઘર્ષ માટે જવાબદાર છે. ડૉ. રામશંકર ત્રિપાઠી તથા ગૌરીશંકર હીરાચંદ્ર ઓઝાએ "પૃથ્વીરાજ દ્વારા કનોજના જયચંદ્રની પુત્રી સંયોગિતાનું બળપૂર્વક કરેલ હરણ અને બંધાયેલ શત્રુતા"ને કેવળ માત્ર એક આખ્યાન સમજે છે. "ભારતના સમ્રાટો" માં જીતેન્દ્ર પટેલ નોંધે છે; "ચંદેલ નરેશ પરમર્દી સાથેના યુદ્ધમાં જયચંદ્રે પરમર્દીને મદદ કરી. જયચંદ્રએ પૃથ્વીરાજના માસીનો દીકરો ભાઈ થતો હતો. છતાં, એણે પરમર્દીને મદદ કરી તેથી તેના અને પૃથ્વીરાજ વચ્ચેના સંબંધો બગડ્યા."

પૃથ્વીરાજ ચૌહાણ અદ્દભુત રણ-કૌશલ પ્રદર્શિત કરવાવાળો સમર્થ શાસક, વીર, સાહસી યૌદ્ધા, યોગ્ય સેનાનાયક હતો. આ સાથે એને તુર્કી સંઘર્ષ અને યુદ્ધની યુગાંતકારી ઘટનાથી સંબંધ હોવાને કારણે ભારતીય ઈતિહાસમાં એનું સ્થાન અવિસ્મરણીય છે. ઈ.સ.1191 દિલ્લીથી 80 માઈલ દૂર થાણેશ્વર અને કર્નાલ વચ્ચે આવેલ તરાવીર (તરાઈન) નામના સ્થળે પૃથ્વીરાજ ચૌહાણ અને મહંમદ ઘોરી વચ્ચેના યુદ્ધમાં પૃથ્વીરાજ અને એની સેનાએ મહંમદ ઘોરી અને એની સેનાને હરાવી, યુદ્ધમાં ઘાયલ ઘોરીને એક ખીલજી સરદાર ઘોડા પર નાખી યુદ્ધથી ભગાવી ગયો. ગુજરાતી સાહિત્યકાર અને ઈતિહાસકાર ક.મા.મુનશી પોતાના પુસ્તક "ચક્રવતી ગુર્જરો" માં ઘોરીના પરાજયને મૂલવતા "ઘોરી કે જેને મુસ્લિમ તવારીખકારોએ એ જમાનાનો હૈદર અને બોજો રૂસ્તમ કહ્યો છે તે માંડ માંડ જાન બચાવીને નાઠો, તેની ફોજ પણ ઊભી પૂછડીએ નાઠી. જે છેક ગઝની જઈને અટકી", આ સાથે ક.મા. મુનશીએ લખ્યું છે કે; "આ વિજય પછી તાબડતોડ જે પગલાં પૃથ્વીરાજે ભરવા ઘટતા હતા. તે પૃથ્વીરાજે ભર્યા નહિ; આમ, ભાગતા શત્રુ પર પર પ્રહાર ન કરવાની ભૂલ ભારતીય

રાજાઓને ભારી પડી. પ્રથમ યુદ્ધમાં ઘોરીની ભાગતી સેનાનો પીછો કરીને એમની શક્તિ એને ક્ષીણ કરવાની હતી જે તેણે ન કરી.

આ પરાજય પછી મહમૂદ ઘોરી ગઝની જઈ પોતાના સૈનિક પર રોષે ભરાયો અને તેમને સજા આપી. સાથે સાથે પૃથ્વીરાજને પરાસ્ત કરવાના પ્રણ લીધાં અને તૈયારીઓમાં જોડાઈ ગયો. હરિચંદ્ર શર્મા મધ્યકાલીન ભારત ભાગ-1 માં જણાવે છે કે "મિનહાજ સિરાજ તથા ફરિસ્તા ના મુજબ ઘોરી ખાવા-પીવાનું છોડી રાત-દિવસ આ હારને બદલો લેવા માટે એક વર્ષની તૈયારી બાદ પુનઃભારત આવ્યો." ઈ.સ.1192માં ઘોરી તૈયાર કરેલ તાલીમબદ્ધ એક લાખ 20 હજારનું લશ્કર લઇ ભારત અને દિલ્લી પર આધિપત્ય જમાવવા અર્થે આવી પહોંચ્યો. પૃથ્વીરાજ ચૌહાણે મહંમદ ઘોરી સામે લડવા ઉત્તર ભારતના રાજપૂત નરેશોને એક સંઘ બનાવ્યો. (આ સંઘમાં કનોજના જયચંદ્ર અને ગુજરાત ભીમદેવ બીજો સામેલ ન હતા.) આ વિશાળ લશ્કર (આશરે 3 લાખ ઘોડા સવારે, 49 હજાર હાથિયો અને મોટી સંખ્યામાં પૈદલ સૈનિકો) સાથે પૃથ્વીરાજ તરાઈનાં મેદાનમાં બીજા યુદ્ધ માટે આવી પહોચ્યો. તરાઈના બીજા યુદ્ધના પહેલા ઘોરીએ સમાધાન માટે વાટાઘાટના સમય દરમ્યાન કૂટ નીતિથી એક દિવસ મેદાનમાં વિશ્રામ કરતી રાજપૂત સેના ઉપર ઘોરીની તુર્કી સેનાની એક ટૂકડીએ આક્રમણ કર્યું. આવડી મોટી સૈન્ય સંખ્યા વાળી સેના જે જીતના મદમાં રાચતી હતી તે આવા આકસ્મિક આક્રમણથી ભયભીત થઈ ગઈ. આ ઉપરાંત મહમૂદ ઘોરીએ પાંચ ટુકડીમાં વહેચેલી પોતાની તુર્કી સેનામાની એક ટુકડી રાજપૂત સેના જયારે યુદ્ધ મેદાનમાં લડતા-લડતા સંપૂર્ણ થાકી જાય છે, ત્યારે તિરંદાબાજની આ ટુકડી મેદાનમાં ઉતારે છે. આમ, પૃથ્વીરાજ ચૌહાણ અને એની સેનાની હાર થાય છે, પૃથ્વીરાજ ચૌહાણ પોતાનો જીવ બચાવવા રણભૂમિમાંથી નાસી છૂટવા જતાં તેને સેના દ્વારા પકડી તેને મારી નાખવામાં આવે છે.

પૃથ્વીરાજ ચૌહાણના મૃત્યુને લઈને પણ અલગ-અલગ ઈતિહાસકારો અલગ-અલગ મત રજૂ કરે છે. જેમાં એનો દરબારી કવિ ચંદ્ર બરદાઈની "પૃથ્વીરાજ રાસો" માં પૃથ્વીરાજના શબ્દવેધિ પરાક્રમને જોડીને "કઈ રીતે મહમૂદ ઘોરી પૃથ્વીરાજને બંદી બનાવી ગઝની લઈ જાય છે, તેની આંખો ફોડી નાખે છે અને પૃથ્વીરાજના દરબારી કવિ દ્વારા મહમૂદ ઘોરીને કરેલી આજીજીના પરિણામ રૂપે પૃથ્વીરાજને શબ્દભેધી બાણ ચલાવવાનો પરાક્રમ જોવા માટે રીઝવે છે. આ સમયે તેના આ દરબારી કવિ ચંદ્ર બરદાઈના દૂહામાં કરેલ મહમૂદ ઘોરીની બેઠક વ્યવસ્થા વર્ણનથી પૃથ્વીરાજ અંધઅવસ્થામાં બાણ ચલાવી મહમૂદ ઘોરીને મૃત્યુને ઘાટ ઉતારે છે અને પછી એક-મેકને બાણ મારી ચંદ્ર બરદાઈ અને પૃથ્વીરાજ મૃત્યુ પામે છે." આ સમગ્ર પ્રસંગને સત્યથી વેગળો એટલે માનવામાં આવે છે કે જયારે ઈ.સ.1206માં પંજાબના બંડખોર લોકોએ બળવો કર્યો ત્યારે આ બળવો શમાવવા

શાહબુદ્દીન ઘોરી પંજાબ આવ્યો. આ બળવાનું શમન કરી શાહબુદ્દીન ઘોરી પરત ગઝની જતો હતો ત્યારે સિંધુ નદીના કિનારે તેની છાવણીમાં ખખ્ખર કે કર્મતીઓ દ્વારા તેની હત્યા કરવામાં આવી.

તરાઈનું બીજું યુદ્ધ ભારતના ઈતિહાસમાં સીમા ચિહ્ન તરીકે લેખાય છે. વી. એસ. સ્મિથએ તરાઈનાં આ બીજા યુદ્ધને "એક નિર્ણાયક યુદ્ધ" કીધું છે કારણ કે આ પછી ચૌહાણોની સૈનિક શક્તિનો સંદતર લોપ થયો અને દિલ્હી પર તુર્કી શાસનના મંડાણ થયા, આ સાથે ચૌહાણ રાજ્ય જે ઉતરી ભારતનું પ્રમુખ રાજ્ય હતું એના પરાજયે ઉતરી ભારતમાં તુર્કોની સત્તાની સ્થાપનાને નિશ્ચિત કરી દીધી.

મૂલ્યાંકન :-

પૃથ્વીરાજ ચૌહાણ એક એવું વ્યક્તિત્વ છે. જેને અલગ-અલગ સમયે અલગ-અલગ રીતે મૂલવવામાં આવ્યો છે. 14 મી 15 સદીના સંસ્કૃત વિવરણમાં તેને ઉચ્ચા દરજ્જાનો અસફળ રાજાના રૂપમાં વર્ણિત કરવામાં આવ્યો છે. જે કેવળ વિદેશી રાજાની સામે પોતાની હાર માટે યાદગાર છે. જૈન પ્રબંધોમાં તેનું એક અયોગ્ય રાજાના રૂપમાં ચિત્રણ થયેલ છે, જે પોતાના પતન માટે સ્વયંમ જવાબદાર છે. સમકાલીન રાજદરબારી કવિ દ્વારા લખાયેલ (પૃથ્વીરાજ રાસો)માં એક મહાનાયકનાં રૂપમાં, સમય જતાં પૃથ્વીરાજને દેશભક્ત હિંદુ યોધ્ધા, જેણે મુસ્લિમ દુશ્મનોની વિરુદ્ધ લડાઈ લડી, એક ક્ષમાવીર અને ક્ષત્રીય કે જે ભાગતા દુશ્મનની પીઠ પર વાર ન કરનાર રાજપૂત શૂરાનુ વર્ણન કરેલ છે.

પૃથ્વીરાજ ચૌહાણ ભારતના રાજાઓમાં સૌથી વિશેષ શક્તિશાળી તથા તેના યુગનો સર્વશ્રેષ્ઠ સેનાપતિ હતો એવું માનવાને કઈ પણ સાબિતી મળતી નથી. છતાં લોકકથા અને લોકગીતો મુજબ તે એ એક ટેકીલો વીર નાયક અને શૂરવીર યૌધ્ધા હતો. પરંતુ ચોક્કસપણે એટલું કહી શકાય કે ચોક્કસ સમયે સૈનિક દ્રષ્ટિએ સતકર્તા તથા જાગરુકતા ન લાવી જે એની દૂરદર્શિતાના અભાવને સૂચવે છે તથા તેની મહમૂદ ઘોરીને આપેલ દયાની ભીખ તેના રાજ્ય અને ભારતને ખૂબ ભારે પડી. કદાચ પૃથ્વીરાજ ચૌહાણ ભારતને આટલું વહેલું પરાધિન થતા બચાવી શકત. આ પરાજય માટે પૃથ્વીરાજનું અતિ મહત્વકાંક્ષીપણું જેના કારણે પડોશી નરેશોની પૃથ્વીરાજ સાથેની શત્રુતા, આ સમયના શાસકોમાં દેશપ્રેમના બદલે રાજ્ય પ્રેમની ભાવના, એકતાનો અભાવ, સામંતશાહી પધ્ધતિ તથા આ સમયનું નૈતિક અધઃપતન જવાબદાર છે.

સંદર્ભગ્રંથ :-


- ડૉ. છોટુભાઈ રણછોડજી નાયક "મધ્યયુગીન ભારત" ખંડ-1, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, તૃતીય આવૃત્તિ 2018.
- ડૉ. વી. એસ. ભાર્ગવ "મધ્યયુગીન ભારતીય ઈતિહાસ" – રિસર્ચ પબ્લિકેશન, જયપૂર, 2012.
- જીતેન્દ્ર પટેલ, "ભારતના સમ્રાટ", પાર્શ્વ પબ્લિકેશન, પ્રથમ આવૃત્તિ, અમદાવાદ 2012
- हरीशंकर शर्मा, "दिल्ली सल्तनत", मलिक अन्तु कंपनी, जयपुर, प्रथम संस्करण, 2008.
- हरीचन्द्र शर्मा, "मध्यकालीन भारत" भाग-1, (750-1540),हिन्दी माध्यम कार्यान्वय, निर्देशालय, दिल्ली विष्व विद्यालय, 2004
- इम्त्यजी अहमद "मध्यकालीन भारत" (8 वी से 18 वी शताब्दी) एक सर्वेक्षण, नेशनल पब्लिके, पटना,
- વિકિપીડિયા તથા ઓનલાઈન માધ્યમ


........................................................................................................


**ડૉ. સોનલ ચૌધરી (આસિસ્ટન્ટ પ્રોફેસર)**

ઈતિહાસ વિભાગ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**ડૉ. પ્રફુલ નવાકર (આસિસ્ટન્ટ પ્રોફેસર)**

ઈતિહાસ વિભાગ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.